# જાહેર નિવીદા

## દહેગામ નગરપાલિકા

પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર ઝોનના હુકમ ક્રમાંક : **RCMGN/0163/12/2025** થી થયેલ હુકમ અને શરતોની જોગવાઇ અનુસાર નગરપાલિકાની પસંદગી સમિતિ ધ્વારા નકકી કરવામાં આવેલ ધોરણ તથા શરતો અને દહેગામ નગરપાલિકાના મંજુર થયેલ લઘુતમ મહેકમ માટે કર્મચારીઓની ભરતી-બઢતી અંગેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૨૭૧ હેઠળ પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા તા.૧૪/૧૦/૨૦૨૫ ના હુકમથી મંજુર થયેલ ભરતી/બઢતીના નિયમો-૨૦૨૫ ને આધિન સ્પર્ધાત્મક પરીક્ષા અધારે નીચે દર્શાવેલ સંવર્ગની જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ૫(પાંચ) વર્ષના સમયગાળા માટે ફીકસ પગાર થી સીધી ભરતીથી નિમણૂક માટે અરજીઓ મંગાવવામાં આવે છે. જગ્યા માટેની ભરતી અંગેની લાયકાત,અનુભવ, વયમર્યાદા, અરજી ફી વિગેરેની વિગતો તથા અરજીનું નિયત ફોર્મ દહેગામ નગરપાલિકાની વેબસાઈટ **https://dahegamnagarpalika.org** ઉપર જોવા મળશે. વેબસાઇટ ઉપર ઉપલબ્ધ નિયત નમુનામાં જ અરજી કરવાની રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | વર્ગ | પગારધોરણ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | કેટીગરી મુજબ ભરવાની થતી જગ્યાઓ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | અનુસુચિત જાતિ | | અનુસૂચિત જનજાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | દિવ્યાંગ | આર્થિક રીતે નબળા વર્ગ | | કૂલ |
| | | | | | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | | સામાન્ય | મહિલા | |
| ૧ | ક્લાર્ક | ૧૨ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે -૧૯૦૦) | ગ્રેજયુએટ પાસ અને સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(**C.C.C Certificate)** | **0** | **0** | **0૧** | **0** | **0૨** | **0૧** | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ | **0** | ૧૨ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | સિનિયર ક્લાર્ક | ૧ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે - ૨૪૦૦ | ગ્રેજયુએટ પાસ અને પાંચ વર્ષનો વહીવટી અનુભવ સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(C.C.C Certificate) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૧ | 0 | 0 | 0 | 0 | ૧ |
| ૩ | ઓડિટર | ૧ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે - ૨૪૦૦ | બી.કોમ અને સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(C.C.C Certificate) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૧ | 0 | 0 | 0 | 0 | ૧ |
| ૪ | ટેક્ષ ઇન્સ્પેક્ટર | ૧ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે - ૨૪૦૦ | ગ્રેજયુએટ પાસ, તથા સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટર ના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(C.C.C Certificate) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૧ | 0 | 0 | 0 | 0 | ૧ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | મદદનીશ મ્યુનીસિપલ એન્જીનીયર (ડીપ્લોમાં સિવિલ) | ૨ | ૩ | ૯૩૦૦-૩૪૨૦૦ (ગ્રેડ પે - ૪૨૦૦ | ડીપ્લોમાં સિવિલ એન્જીનીયર અને સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(**C.C.C Certificate** | **0** | **0** | **0** | **0** | **0** | **0** | ૨ | **0** | **0** | **0** | **0** | ૨ |
| ૬ | મદદનીશ ઇજનેર (ડીપ્લોમાં મીકેનીકલ) | ૧ | ૩ | ૯૩૦૦-૩૪૨૦૦ (ગ્રેડ પે - ૪૨૦૦ | ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર અને સરકાર માન્ય સંસ્થાના કોમ્પ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(**C.C.C Certificate** | **0** | **0** | **0** | **0** | **0** | **0** | ૧ | **0** | **0** | **0** | **0** | ૧ |
| ૭ | વાયરમેન-કમ-ઈલેકટ્રીશીયન | ૧ | ૩ | ૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે - ૧૯૦૦) | આઇ.ટી.આઇ વાયરમેન સેકન્ડ કલાસ પરીક્ષા પાસ તથા ત્રણ વર્ષનો અનુભવ ધોરણ-૧૦ પાસ | **0** | **0** | **0** | **0** | **0** | **0** | ૧ | **0** | **0** | **0** | **0** | ૧ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર (સમાજ સંગઠક) | ૨ | ૩ | ૯૩૦૦-૩૪૨૦૦ (ગ્રેડ પે -૪૨૦૦ | બી.એસ.ડબલ્યુ, એમ.એસ.ડબલ્યુ પાસ તથા સરકાર માન્ય સંસ્થાના કોમ્યુટરના જ્ઞાનનું તાલીમનું પ્રમાણપત્ર.(C.C.C. Certificate) | 0 | 0 | 0 | 0 | 0 | 0 | ૨ | 0 | 0 | 0 | 0 | ૨ |
| કુલ | | ૨૧ | | | | 0 | 0 | ૧ | 0 | ૨ | ૧ | ૧૩ | ૨ | ૧ | ૧ | 0 | ૨૧ |

શરતો

(૧) ઉપરોકત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફિસરશ્રી, દહેગામ નગરપાલિકા, તા.દહેગામ, જી.ગાંધીનગર ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી/ સ્પીડ પોસ્ટ. થી મોકલી આપવાની રહેશે. અન્ય રીતે રજૂ થયેલ અરજી રદ્દ કરવા પાત્ર થશે.

(૨) દરેક ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાતના ડોક્યુમેન્ટ તથા અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. અરજી સાથે પ્રમાણપત્ર ન હોય તેવી કોઇ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૩) અરજદારે પ્રત્યેક જગ્યા માટે અલગ-અલગ અરજી કરવાની રહેશે.

(૪) ઉપરોકત સંર્વગ માટે અરજી સાથે બીન અનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- ચીફ ઓફિસર, દહેગામ નગરપાલિકાના નામનો ડી.ડી.થી મોકલવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ તથા સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થીક નબળા વર્ગના ઉમેદવારે ફી ભરવાની રહેશે નહીં.

(૫) અરજી કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૬) ઉપરોકત સંર્વગ માટે અરજી અંગેનો નિયત નમૂનો દહેગામ નગરપાલિકાની વેબસાઈટ **https://dahegamnagarpalika.org** ઉપરથી ડાઉનલોડ કરી નિયત નમુનામાં જ અરજી મોકલવાની રહેશે.

(૭) વય મર્યાદા સરકારશ્રીના નિતી-નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉમરમાં છુટછાટ મળવાપાત્ર થશે. તા.૦૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ વય મર્યાદા ગણવાની રહેશે. તા.૦૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.

૮) નિયામકશ્રી, નગરપાલિકા, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૦૩/૦૮/૨૦૦૪ ના પરીપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નંબર- ૫૭૪૬/૧૯૯૯ ના હાઇકોર્ટના ચુકાદાને આધિન દહેગામ નગરપાલિકા ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને મળવાપાત્ર લાભો આપવામાં આવશે.

(૯) અધુરી કે સમય મર્યાદા બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

(૧૦) આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે દહેગામ નગરપાલિકાને સંપૂર્ણ અબાધિત અધિકાર રહેશે. દહેગામ નગરપાલિકા આ માટે કોઇ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહીં.

| | | |
|---|---|---|
| જાવક નંબર:- ૮૩૭ | ચીફ ઓફિસર | પ્રમુખ |
| તારીખ:-૧૬-૧૨-૨૦૨૫ | દહેગામ નગરપાલિકા | દહેગામ નગરપાલિકા |